# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૨૭

## તારીખ.૧૩–૦૨–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી તથા ચીફ સેનેટરી ઈન્સ્પેકટર શ્રીનો રીપોર્ટ વંચાણમાં લેતા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અન્વયે થનાર ખર્ચમાં ખંભાત નગરપાલિકાના હિસ્સાની ચુકવણી બાબતે સંમતી આપવા બાબતે મે. મિશન ડાયરેકટરશ્રી, સ્વચ્છ ભારત મિશન, ગુજરાત, નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગરના પત્ર નં.ક્રમાંક સભમ/૧૦૨૦૧૬/૩૫૪૬ એસબીએમ/તા.૧૧–૧૧–૨૦૧૬ નું સાહીત્ય વંચાણે લેતા, સ્વચ્છ ભારત મિશન, અંતર્ગત ભારત સરકારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે રાજયના શહેરી વિસ્તારોને ૨ જી ઓકટોબર–૨૦૧૯ સુધીમાં હરિયાળા અને સ્વચ્છ બનાવવા માટે સ્વચ્છ ભારત મિશનની રચના કરેલ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાજયની તમામ નગરપાલિકાઓમાં ઘનકચરાના નિકાલ માટે એકત્રિકરણ, પરિવહન, ટ્રીટમેન્ટ અને નિકાલની વ્યવસ્થાને સુદઢ કરી રાજયના તમામ શહેરોને ઝીરો સીટી બનાવવાનો નિર્ધાર કરેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ભારત સરકાર ધરા પર કેપીટલ રૂપીયા.૧૨૦૦/– લેખે પ્રોજેકટ કોસ્ટ નકકી કરેલ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકારે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ઘટક માટે મિશન પીરીયડ દરમ્યાન કુલ રૂપીયા.૫૩૬.૨૨ કરોડની ફાળવણી કરેલ છે. ખંભાત નગરપાલિકાને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે સહા મંજુર – કરવાની થાય છે. એપેક્ષ / હાઈ પાવર કમીટીએ નીચે મુજબના સહાયના ધોરણો નકકી કરેલ છે.

| ક્રમ | નગરપાલિકાની વિગત | ભારત સરકારની સહાય | રાજય સરકારનો ફાળો | નગરપાલિકાનો ફાળો |
|---|---|---|---|---|
| (૧) | ખંભાત નગરપાલિકા | ૩૫% | ૫૫% | ૧૦% |

સબબ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ભારત સરકાર ધ્વારા પર કેપીટા રૂપીયા. ૧૨૦૦/– લેખે પ્રોજેકટ કોસ્ટ નકકી કરેલ છે. આ ઉપરાંત થનાર ખર્ચ નગરપાલિકાએ

ભોગવવાનો રહે છે. આજની કારોબારી સમિતિમાં ચર્ચા વિચારણા કરતાં ચર્ચા વિચારણાના અંતે ભારત સરકારની સહાય ૩૫%, રાજય સરકારનો ફાળો ૫૫%, ખંભાત નગરપાલિકા નો ફાળો ૧૦% લેખે કરવાની મંજુરી આપવાનું તથા આ અંગે થનાર ખર્ચ મંજુર કરવાના તમામ અધિકારો, પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી તથા ચીફ ઓફીસરને આપવાનું પણ આથી ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા

સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ

સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ

સહી. અશોકભાઈરતીલાલ ખલાસી

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૪૨૮..

## તારીખ.૧૩–૦૨–૨૦૧૭

ખંભાત શહેર હદ વિસ્તારમાં હરતી ફરતી હાથલારી તથા પાથરણા તથા કેબીનો ધ્વારા વ્યવસાય કરતાં ઈસમો પાસેથી દૈનીક લાયસંન્સ ફી ઉઘરાવવા અંગે નીચે જણાવેલ શરતોથી આપવા નકકી કરવામાં આવે છે.

(૧) ઈજારાની હરાજીમાં ભાગ લેવા હરાજીના દિવસ સુધી બપોરના ૩–૦૦ સુધી રૂપીયા.૧,૫૦,૦૦૦/– અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા ડીપોઝીટ મ્યુની. ઓફીસે જમા કરાવવાની રહેશે. આ ડીપોઝીટની રકમ જેનો ઈજારો નગરપાલિકા મંજુર કરશે તેની ડીપોઝીટ ઈજારો પુર્ણ થયા બાદ પરત મળશે.

(૨) હરતી ફરતી હાથલારી તથા પાથરણા દ્રારા ધંધો કરતાં ઈસમો દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવા અંગે વાર્ષીક ઈજારાની અપસેટ કીંમત રૂપીયા.૧૭,૦૦,૦૦૦/–અંકે રૂપીયા સત્તર લાખ પુરા રાખવામાં આવેલ છે.

(૩) હરતી ફરતી હાથલારીના તથા પાથરણા ધ્વારા ધંધો કરતાં રોજીંદા લાયસન્સ ફી ઉઘરાવવાનો ઈજારો અંગ્રેજી ૦૧ (એક) વર્ષનો રહેશે.

(૪) સદર ઈજારો ઈજારદારને અપસેટ કીંમત (૨) બે માસની રકમ એડવાન્સ મંજુર થયાની દિન–૧૫માં નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે અને વાર્ષીક માટે દર માસની તારીખે આગળ (એડવાન્સ) મહીનાના માટેની રકમ ૫૦ ટકા પંદર તારીખ સુધીમા તથા બાકીના ૫૦ ટકા ૩૦ તારીખ સુધીમાં જમા કરાવવાની રહેશે આ અંગે જેટલા સમય માટે ઈજારો આપવામાં આવે તે પ્રમાણે તેટલા સમયના સરખા હપ્તાના ૨૪ (ચોવીસ) ચેકો સ્થાનિક રાષ્ટ્રીયકૃત બેકોના એડવાન્સ આપવાના રહેશે.

(૫) એડવાન્સ આપેલ ચેક જે તે માસની તારીખ.૩૦ મી સુધીમાં બેકમાં કલીયરીંગ નહી થાય તો ભરેલ હરાજીની ડીપોઝીટ તથા ઈજારની અપસેટ કીંમતની બે માસની રકમ જપ્ત કરવામાં આવશે અને હરતી ફરતી હાથલારીનો તથા પાથરણાનો આપેલ ઈજારો રદ કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી ઈજારદાર સામે કરવામાં આવશે અને ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે (એક હપ્તો બાકી પડશે તો નગરપાલિકા

કોઈપણ લેખીત સુચના આપ્યા સિવાય ઈજારો રદ કરી શકશે)

(૬) ઈજારેદારે હરતી ફરતી હાથલારી તથા પાથરણા અંગેના રોજીંદા લાયસન્સ ફી કામની પહોંચ બુકો છપાવવાની જવાબદારી ઈજારેદારની રહેશે. ઈજારદારે ઈજારાના કામ માટે વાપરવામાં તમામ આવનાર સ્ટેશનરીમાં સહી સિકકા નગરપાલિકાની સેનેટરી – વિભાગમાં કરાવ્યા બાદ જ તેને ઉપયોગમાં લેવાની રહેશે તે સિવાય ઉપયોગમાં લઈ શકાશે નહીં. આ કામે નગરપાલિકા તરફથી કોઈ કર્મચારી કે કોઈપણ જાતની – સ્ટેશનરી કે કોઈ ઓફીસ કે સાધન સામગ્રી ફાળવવામાં આવશે નહીં.

(૭) હાથલારી થી ધંધો કરતાં પાસેથી ખાણી પીણી હાથલારીઓ પાસેથી દરરોજના રૂા.૨૦/– તથા ખાણી પીણી સિવાયની હાથલારી વાળા પાસેથી રૂપીયા.૧૦/– લેવાના રહેશે. તથા પાથરણા ઉપર બેસી શાકભાજીનો ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનીક લાયસંસ ફી રૂપીયા.૧૦/– અંકે રૂપીયા દસ પુરા તથા શાકભાજીનો ધંધો સિવાયના ઈસમો પાસેથી દૈનીક લાયસંસ ફી રૂપીયા.૧૫/–અંકે રૂપીયા. પંદર પુરા ઈજારદાર વસુલ કરી શકશે. તેમજ નગરપાલિકા દ્વારા જેનું ભાડુ નકકી થયેલ ન હોય તેવા કેબીનો વાળા પાસેથી પણ રોજના રૂપીયા.૨૦/–અંકે રૂપીયા વીસ પુરા લેખે વસુલાત કરવાની રહેશે.

(૮) આ ઈજારો હરતી ફરતી હાથલારી તથા પાથરણા તથા કેબીનો ઉપર બેસી ધંધો કરતાં ઈસમો પાસેથી ખંભાત નગરપાલિકાની હદ પુરતુ મર્યાદિત રહેશે.

(૯) સદર ઈજારો રાખનાર ઈજારદારે ઈજારાનો કરાર કરવા જરૂરી રૂપીયા.૫૦૦/–સ્ટેમ્પ પેપર ઉપર પોતાના ખર્ચે ઈજારદારે કરવાનો રહેશે અને કરાર ભંગ થયે તે ઈજારદાર સામે ફોજદારી ફરીયાદ નગરપાલિકા દ્વારા થઈ શકશે.

(૧૦) ઈજારદાર હરતી ફરતી હાથલારી તથા પાથરણા દ્વારા ધંધો કરતાંની હરાજીની શરતોનું ભંગ કરવામાં આવશે તો તે નગરપાલિકા ઈજારો રદ કરવામાં આવશે અને ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૧૧) ઈજારદારે હરતી ફરતી હાથલારી તથા પાથરણા ધ્વારા વેપાર કરતાં ટ્રાફીકના નિયમોને અગ્રીમતા આપવાની રહેશે તથા પબ્લીકને આવવા જવામાં કોઈપણ જાતની અડચણ રૂપ હશે તો નગરપાલિકા હરતી ફરતી હાથલારી તથા પાથરણા ઉઠાવી શકશે. પરંતુ સદર બાબતની જાણ જે તે હરતી ફરતી હાથલારી તથા પાથરણા વાળાને કરવાની

જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૨) નગરપાલિકાએ માદળા તળાવ પર આવેલ ત્રિકોણીયા બાગની અંદર આવેલ જગામાં નાસ્તાની હરતી ફરતી હાથલારી કે મંડપ બાંધે તો ઈજારદારના કાર્યક્ષેત્રમાં આવશે નહી. જે હરતી ફરતી હાથલારી માટેની જગા ફાળવેલ છે તે હરતી ફરતી હાથલારીની દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવાની ઈજારદારના કાર્યક્ષેત્રમાં આવતી નથી.

(૧૩) નગરપાલિકા દ્વારા માદળા રોડ ઉપર આવેલ ચકડોળ ગ્રાઉન્ડ પરના દિવાળી મેળાના આયોજન પ્રસંગે રેશમવાળાની દુકાન થી પાણીયારી ચોક તથા ગોપાલ ટોકીઝ પાસેથી મેતપુર રેલ્વે ક્રોસીંગ સુધીનો રસ્તો દિવાળીના ૧૦(દશ) દિવસ અગાઉ અને દિવાળી બાદના ૧૫ (પંદર) દિવસ સુધીના દિવસો દરમ્યાન તહેવારોમાં બનતી દુકાન, બાંકડા, મંડપ, પાથરણા ના અને દારૂખાનું દુકાન તથા ઉતરાયણના અગાઉના ૧૨(બાર) દિવસ પહેલા પતંગ, દોરી, બાકડા, મંડપ, પાથરણા તથા હોળીના ૩(ત્રણ) દિવસ પહેલા, હરતી ફરતી હાથલારી ઉપર બેસી ધંધો કરતાં ઈસમોનું દૈનિક લાયસંન્સ ફી ઉઘરાવવાનો ઈજારેદારના કાર્યક્ષેત્રમાં આવશે નહીં.

(૧૪) હરતી ફરતી હાથલારી તથા પાથરણા દ્વારા ધંધો કરતાં ઈસમો દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવા અંગે હરાજીમાં સૌથી વધુ બોલી બોલનારને ઈજારો આપવો કે નહીં તેનો આખરી નિર્ણય નગરપાલિકા હસ્તક રહેશે.

(૧૫) ઉપરોકત નિયમોનાં અર્થઘટન અને અન્ય કોઈ નવા નિયમો નગરપાલિકા દ્વારા સુચવવામાં આવે તે તમામ બાબતો ઈજારદારને બંધનકર્તા રહેશે અને આખરી નિર્ણય નગરપાલિકાનો જ માન્ય રહેશે.

(૧૬) સદર ઈજારો રાખેલ ઈજારદાર બહારથી આવેલ ઈસમ / ફેરીયો, ખુલ્લી જમીન/બાંકડા મુકી / મંડપ બાંધીને હેન્ડલુમ કાપડ / કાપડ / રેડીમેડ કપડા વેચનાર ફેરીયા / ખુલ્લી જમીન પર / બાંકડા મુકીને વિવિધ પ્રકારનું ફરનીચર / ભંગાર / ફરનીચર / પ્લાસ્ટીક વસ્તુઓ તથા અન્ય વસ્તુઓ તથા ખંભાત શહેરમાં હોળીમાં ખુલ્લી જગા પર / બાંકડા મુકીને વેચનાર ઝંડાચોક પાસે મેળાનો દિવસ, લાલ દરવાજા પાસે મેળાનો દિવસ, ચોકસી બજારમાં દિવાળી સમયે માટલા વિગેરે (ચકડોળ ગ્રાઉન્ડ ઉતરાયણ સિવાય) ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી પ્રતિ ચોરસ ફુટ રૂપીયા. ૫/–અંકે રૂપીયા પાંચ –

પુરા તથા બહારગામથી આવતાં વાહનો મારફતે ધંધો કરતાં ઈસમો પાસેથી જેવા કે ફોર વ્હીલ, થ્રી વ્હીલ ટેમ્પા દ્વારા ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી રૂા.૧૦૦/–અંકે રૂપીયા એકસો પુરા ઉઘરાવવા ઈજારદાર વસુલ કરી શકશે તેથી વધુ રકમ વસુલી શકશે નહી અને જો તે ધ્યાન પર આવશે તો ઈજારો રદ કરવામાં આવશે.

(૧૭) હરતી ફરતી હાથલારી તથા પાથરણા દ્વારા ધંધો કરતાં ઈસમો દૈનિક લાયસન્સ ફી થી ઉઘરાવવા માટેની આ સિવાય કોઈપણ શરત ઉમેરવાની થાય તો તે નગરપાલિકા ઉમેરી શકશે અને તે ઈજારદારે માન્ય રાખવી પડશે.

(૧૮) ફકત સરકારી અધિકારીશ્રી તરફથી અનિવાર્ય સંજોગોને કારણે કરફયુ જાહેર કરે તો તેવી પરિસ્થિતિમાં તે સમય (દિવસ) દરમ્યાનના નાણાં નગરપાલિકા કાપી આપશે. જેમાં માસીક રકમના જે તે દિવસ બંધ રહેલ તેને ભાગતા જે રકમ આવશે તેને બાદ કરી આપવામાં આવશે.(કોઈપણ પક્ષ કે જાહેર જનતા વિગરે તરફથી આપેલ બંધનું એલાન કરવામાં આવશે તો તે દિવસ બાદ કરી આપવામાં આવશે નહીં.)

(૧૯) ઈજારો રાખનારે મુદત પહેલા ઈજારો છોડી દેશે તો તેની ભરેલ ડીપોઝીટની રકમ તથા ઈજારાની અપસેટ કીંમત (૨) બે માસની જમા કરેલ રકમ જપ્ત કરવામાં આવશે.

આ અંગેની આગળની કાર્યવાહી ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈરતીલાલ ખલાસી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૪૨૯</u>

## <u>તારીખ.૧૩–૦૨–૨૦૧૭</u>

ખંભાત નગરપાલિકાની માલીકીની બસ સ્ટેન્ડ પાસે જુની મચ્છી મારકેટ તરીકે ઓળખાતી જેનો સીટી સર્વે નંબર.૨/૪૬૧૮ પૈકી નવી બંધાયેલ દુકાન નંબર. ૦૧ થી ૧૨ ની જાહેર હરાજી કરી નોન રીફંડેબલ પ્રિમીયમથી માસીક લાયસન્સ ફી થી નીચે જણાવેલ શરતોથી તથા આ નવ નિર્મિત બંધાયેલ શોપીગ સેન્ટરને <u>"સરદાર પટેલ સુપર માર્કેટ"</u> નામ કરણ આપવા ઠરાવવામાં આવે છે.

(૧) સદર દુકાનો નોન રીફંડેબલ પ્રિમયમની માસીક લાયસન્સ ફી થી આપવાની છે.

(૨) સદર એક દુકાનની પ્રિમયમની અપસેટ કિંમત રૂપીયા.૯૯,૦૦૦/–અંકે રૂપીયા નવ્વાણું હજાર પુરા રહેશે અને હરાજીની બોલી રૂા.૧૦૦૦૦/– અંકે રૂપીયા દશ હજારના ગુણાંકમાં બોલવાની રહેશે.

(૩) હરાજીમાં ભાગ લેતા પહેલા રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા હરાજી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે એક ડીપોઝીટ ઉપર જે તે એક જ દુકાનની હરાજીમાં ભાગ લઈ શકશે એટલે કે (એક ડીપોઝીટ ઉપર એક થી વધુ દુકાનો રાખી શકશે નહીં) હરાજીની તારીખ સુધીમાં બપોરે ૩–૦૦ કલાક સુધીમાં મ્યુની. ઓફીસે જમા કરવાની રહેશે.

(૪) સદર દુકાનની માસીક લાયસન્સ ફી એક ચોરસ ફુટના રૂા. ૫/– અંકે રૂપીયા પાંચ પુરા આપવાની રહેશે.

(૫) લાયસન્સ ફી થી આપેલ દુકાનને લાગતા નગરપાલિકા તેમજ ગુજરાત અને કેન્દ્ર સરકારના તથા અન્ય તમામ ટેક્ષ લાયસન્સ ફી થી રાખનારે ભરવાના રહેશે.

(૬) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧) પહેલી તારીખ થી (૧૫) પંદરમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં પચ્ચીસ (૨૫) ટકા પેનલ્ટી આપવાની રહેશે તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી દુકાનનો કબજો પરત મેળવશે તેમાં દુકાન રાખનારની કોઈ દલીલ ગ્રાહય રાખવામાં નહી આવે.

(૭) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરવાનો રહેશે. તે લાયસન્સી અંગ્રેજી

દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૮) સદર દુકાનનો કબજો સોપ્યા બાદ અંગ્રેજી દર બે(૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકીનો રહશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજામાં રહેશે.

(૧૦) હરાજીથી દુકાન રાખનાર ઈસમે જે લાયસંન્સ ફી થી રાખેલ હશે અને તે દુકાન અન્યને ટ્રાન્સફર કરે ત્યારે જે રકમમાં જે તે વખતે રાખેલ હશે તેના કરતાં વધુ રકમની જે કોઈપણ ઉપજશે તેના ૨૫% રકમ નગરપાલિકામાં જમા કરાવેથી ટ્રાન્સફરની કાર્યવાહી થઈ શકશે એટલે કે જે રકમ નગરપાલિકામાં જમા કરાવીને દુકાન મેળવેલ હશે તે રકમ કરતાં વધારાની રકમ જે કોઈપણ ઉપજ થાય તે અંગે નગરપાલિકાને અગાઉથી લેખીતમાં રકમ સાથે જાણ કરવાની રહેશે તે રકમ જો ઓછી બતાવવામાં આવે તો દર્શાવેલ રકમ તથા હરાજીમાં લીધેલ રકમ આમ બંને ભેગી કરતાં જે રકમ થાય તે રકમ નગરપાલિકા જે તે ઈસમને પરત આપવા નિર્ણય લેતો જે તે દુકાન ધારકે તે રકમ લઈ નગરપાલિકાને દુકાન પરત આપવાની રહેશે અન્યને આપી શકશે નહી કે ટ્રાન્સફર થઈ શકશે નહી જે તે દુકાન નગર–પાલિકાને પરત કરવાની રહેશે જો તેમ કરવાનુ નગરપાલિકા સુચવે અથવા જે તે દર્શાવેલ રકમ યોગ્ય અને સાચી દર્શાવેલી જણાશે તો ઉપર જણાવ્યા મુજબ વધારાની રકમના ૨૫% રકમ નગરપાલિકામાં ભરવા આદેશ કરે અને તે રકમો ભરપાઈ થયા બાદ ટ્રાન્સફરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈપણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા દેવામાં આવશે નહી અને તે કરી શકશે પણ નહીં.

(૧૨) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં પેટા લાયસન્સ ફી થી આપી શકાશે નહી અગર તો હકક, ગીરો, દાન, વીલ કે બક્ષીસ આપી શકશે નહી તેમજ નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય બીજાને ભાગીદાર તરીકે રાખી શકશે નહીં.

(૧૩) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં સળગી ઉઠે તવો જવાળગ્રાહી પદાર્થો રાખી વ્યવસાય કે ધંધો કરતા અગાઉ નગરપાલિકાની લેખીત મંજુરી સિવાય કરી શકશે નહીં.

(૧૪) સદર લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસન્સદર કરી શકશે નહી તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસન્સદાર જવાબદાર રહેશે તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૫) સૌથી વધુ પ્રિમયમની રકમ બોલનારને દુકાનની જગ્યા ફાળવણી કરવી કે નહી તે અંગેનો છેવટનો નિર્ણય નગરપાલિકાનો રહેશે તે સર્વેને બંધનકર્તા રહેશે અને તે અંગેની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

(૧૬) લાયસન્સદાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદાર પૈકી જે કોઈ ભાગીદાર છુટા થાય ત્યારે બાકી રહેતા ભાગીદાર બાકી રહેતી મુદત માટે કરાર કરી જવાની જવાબદારી રહેશે.

(૧૭) લાયસન્સનો કરાર કરાવવાનો તમામ ખર્ચ લાયસન્સદારે ભોગવવાનો રહેશે તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં. તેમજ કરારની મૃદત પુર્ણ થાય તે પહેલા કરાર રીન્યુ કરાવવાની જવાબદારી જે તે લાયસંસદાર ઈસમની રહેશે નગરપાલિકાની જવાબદારી રહેશે નહી.

(૧૮) હરાજી પ્રિમયમની બોલીની રકમ રકમ હરાજીની પ્રિમિયમની ૫૦ ટકા રકમ હરાજીની તારીખથી દિન–૦૨ (બે) માં તથા બાકીની ૫૦ ટકા પ્રિમિયમની રકમ હરાજીની તારીખથી દિન–૭ માં નગરપાલિકા ઓફીસે જમા કરવાની રહેશે પ્રિમયમની રકમ જે તે મુદતમાં ભરવામાં નહી આવે તો ફાળવેલ દુકાનની જગ્યા રદ કરવામાં આવશે અને ભરેલ ડીપોઝીટ તથા પ્રિમયમની રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૯) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહીં.

(૨૦) લાયસન્સ ફી થી આપેલ દુકાનની લાયસન્સ ફી અગાઉથી નિયમીત ચુકવવાની રહેશે ત્રણ માસ લાયસન્સ ફી બાકી રહેશે અગર જો તેમાં કસુર કરશે તો નગર–પાલિકા જે તે દુકાનનો કબજો પરત મેળવવા/લેવા હકકદાર છે તેમાં લાયસંન્સીની કોઈ તકરાર રહેશે નહીં.

(૨૧) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીગ કામ, રંગકામ, સુધારો વધારો કરી શકાશે નહી અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ

લાયસન્સ દારે પોતાને ભોગવવાનો રહેશે અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૨) આ સિવાય કોઈપણ વધારની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૩) સદરુહ મીલકતનો કબજો મ્યુની. ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન પરત લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૪) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૫) ઉપરોકત દુકાનોની જાહેર હરાજી તારીખ.૧૬–૦૨–૨૦૧૭ ના રોજ સાંજના ૫–૦૦ કલાકે નગરપાલિકા સેવા સદનમાં રાખવામાં આવશે તે અંગેની જાહેર ખબર સાપ્તાહીક પેપર દિપકમલ, લોકરૂચી, પ્રતિઘોષ, આજકા પ્રતિબંધ, વસુદેવ, ગ્રામસંત્રી, નવસંસ્કાર, જાગૃતિ, માતૃભૂમિ માં પ્રસિધ્ધ કરાવવાનું પણ ઠરાવવામાં આવે છે અને તે અંગેનો ખર્ચ પણ મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈરતીલાલ ખલાસી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૩૦

## તારીખ.૧૩–૦૨–૨૦૧૭

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા અંતર્ગત ખંભાત નગરપાલિકાને રૂા.૭૦૦/– લાખની રકમ મળવા પાત્ર થાય છે આ બાબતે "આગવી ઓળખ" અન્વયે રૂા. ૫૨૫/– લાખની ગ્રાંટ મળવા પાત્ર થયેલ. આ બાબતે ખંભાત નગરપાલિકાને જુદા જુદા દફતરી હુકમથી દરખાસ્ત મંજુર થયેલ તેની વિગત નીચે મુજબ છે.

| અ.ન. | દફતરી હુકમ નંબરની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|
| (૧) | નંબર.આયોજન/મો.ન.પા./વહટ/વશી/૪૦૪/ તારીખ.૨૧–૦૮–૨૦૧૦ | ૧,૨૦,૯૮,૧૬૦/– |
| (૨) | એસ.જે.એમ./મો.ન.પા./વહટ/વશી/૧૯૮ તારીખ.૦૮–૦૬–૨૦૧૧ | ૨,૭૭,૬૬,૮૦૦/– |
| (૩) | એસ.જે.એમ./મો.ન.પા./વહટ/વશી/૨૬૬ તારીખ.૧૪–૦૭–૨૦૧૧ | ૧,૨૭,૧૪,૪૦૦/– |
| (૪) | નંબર.ડુડા/એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./ ખંભાત/વહટ/વશી//૪૦૪/તા.૦૫–૦૬–૨૦૧૪ | ૧,૮૦,૦૧,૨૧૦/– |

આ બાબતે ખંભાત નગરપાલિકા ધ્વારા મંજુર થયેલ કામો પુર્ણ થતાં અંદાજીત રૂપીયા. ૬૫/– લાખની રકમની દરખાસ્ત કરવા પાત્ર થાય છે.

આમ આ બાબતે હાલની પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં રાખી રૂા. ૬૫/– લાખની રકમ હેઠળ નીચેના કામો સરકારશ્રીના ધારા ધોરણ મુજબ જીલ્લા શહેરી વિકાસ એજન્સી ડુડાને વહીવટી મંજુરીથી મોકલવા ઠરાવવામાં આવે છે.

| અ.ન. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| (૧) | ખંભાત નગરપાલિકા ફાયર સ્ટેશન, એકાઉન્ટ વિભાગ સેનીટેશન, કમીટી રૂમ, બોર્ડ રૂમ, ઈ–ગર્વન્નસે નું રીનોવેશન ફરનીચર, પાર્કીગ વિગેરે કામગીરી | ૬૬,૦૦,૦૦૦/– |

આ બાબતે સરકારશ્રી ગ્રાંટ ઉપરાંત જે કાંઈ પણ વધારાનો ખર્ચ થશે તે રકમનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે અને સરકારશ્રીની તમામ સુચનાઓ તથા ધારા ધોરણ મુજબ કામગીરી કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે નગરપાલિકા સમય મર્યાદા માં કામગીરી પુર્ણ કરશે તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે સદર કામો સરકારશ્રી ની કોઈ અન્ય યોજના હેઠળ સમાવેશ થયેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા

સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ

સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ

સહી. અશોકભાઈરતીલાલ ખલાસી

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૩૧
# તારીખ.૧૩–૦૨–૨૦૧૭

ગુજરાત મ્યુની. ફાઈ. બોર્ડના દફતરી હુકમ નંબર. મફબ/એસ.જે.એમ.એમ.એસ. વી.વાય/યુ.ડી.પી.૫૬/ન.પા./૨૦૧૩–૧૪/૧૪૩૫૪ તારીખ.૨૫–૦૭–૨૦૧૩ થી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.૫૬ હેઠળ ખંભાત નગરપાલિકા ને રૂ.૧૨૫/– લાખની ગ્રાંટની ફાળવણી થયેલ. સદર ગ્રાંટ હેઠળ ખંભાત નગરપાલિકાને અત્યાર સુધીમાં જુદા જુદા દફતરી હુકમોથી વહીવટી મંજુરી મળેલ. જેની વિગત નીચે મુજબ છે.

| અ.ન. | દફતરી હુકમ નંબરની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|
| (૧) | એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./યુ.ડી.પી.–૫૬/ખંભાત /વશી/૨૭૪ થી ૨૭૮ તા.૩૦–૦૧–૨૦૧૪(૧ થી ૩૬) | ૯૫,૪૨,૫૧૦/– |
| (૨) | એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./યુ.ડી.પી.–૫૬/ ખંભાત/વશી/૩૪ તારીખ.૦૫–૦૨–૨૦૧૫ (૧ થી ૨) | ૧૮,૬૭,૨૧૪/– |
| (૩) | એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./યુ.ડી.પી.–૫૬/ ખંભાત/વશી/૧૪૫ તારીખ.૦૪–૦૫–૨૦૧૫ (૧ કામ – માદળા પે એન્ડ યુઝ) | ૪,૪૪,૬૦૦/– |
| (૪) | એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./યુ.ડી.પી.૫૬/ ખંભાત/વશી/૨૩૧ તારીખ.૧૪–૦૭–૨૦૧૫ | ૩,૦૦,૦૦૦/– |

આમ આ બાબતે પુર્ણ થયેલ કામો, અન્વયે રૂા.૨૦/– લાખની રકમની દરખાસ્ત કરવા પાત્ર  થાય છે. આમ આ બાબતે હાલની પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લેતા રૂપીયા.૨૦/– લાખની રકમ હેઠળ નીચેના કામો સરકારશ્રીના ધારા ધોરણ જીલ્લા શહેરી વિકાસ એજન્સી, ડુડાને વહીવટી મંજુરીથી મોકલવા ઠરાવવામાં આવે છે.

| અ.ન. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| (૧) | સરદાર ટાવર સીધી શોપીગ સેન્ટરના પાછળના ભાગમાં હોલ બનાવવાની કામગીરી | ૧૦,૧૦,૦૦૦/– |
| (૨) | નગરપાલિકા વિસ્તારમાં જુદા જુદા વોર્ડના ખુટતી કડીના રસ્તાની કામગીરી તથા સ્મશાન વિકાસના કામો | ૧૦,૪૦,૦૦૦/– |

આ બાબતે સરકારશ્રી ગ્રાંટ ઉપરાંત જે કાંઈ પણ વધારાનો ખર્ચ થશે તે રકમનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે અને સરકારશ્રીની તમામ સુચનાઓ તથા ધારા ધોરણ મુજબ કામગીરી કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે નગરપાલિકા સમય મર્યાદા

માં કામગીરી પુર્ણ કરશે તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે સદર કામો સરકારશ્રી ની કોઈ અન્ય યોજના હેઠળ સમાવેશ થયેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈરતીલાલ ખલાસી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૩૨
## તારીખ.૧૩–૦૨–૨૦૧૭

ગુજરાત મ્યુની. ફાઈ. બોર્ડના દફતરી હુકમ નંબર. મફબ/એસ.જે.એમ.એમ.એસ. વી.વાય/૨૦૧૩–૧૪/યુ.ડી.પી.૭૮/ન.પા./૨૦૧૩/૧૪૭૬૯ તારીખ.૨૫–૦૭–૨૦૧૩ થી ખંભાત નગરપાલિકાને રૂા.૨૦૦/– લાખની ગ્રાન્ટની ફાળવણી થયેલ. સદર ગ્રાન્ટ હેઠળ ખંભાત નગરપાલિકાને અત્યાર સુધીમાં જુદા જુદા કામો માટે વહીવટી મંજુરી મળેલ. જેની વિગત નીચે મુજબ છે.

| અ.ન. | દફતરી હુકમ નંબરની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|
| (૧) | એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./યુ.ડી.પી.–૭૮/ ખંભાત/વશી/૩૨૭ થી ૩૩૨ તારીખ.૦૩–૦૨–૨૦૧૪ (૧ થી ૧૬) | ૧,૯૦,૨૯,૭૬૫/– |
| (૨) | એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./યુ.ડી.પી.–૭૮/ ખંભાત/વશી/૩૨૭ થી ૩૩૨ તારીખ.૦૩–૦૨–૨૦૧૪ (૧ થી ૬) એસ.સી.એસ.પી.ના | ૯,૨૫,૧૦૦/– |
| (૩) | એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./યુ.ડી.પી.–૭૮/૨૦૧૩–૧૪ખંભાત/બચત રકમ/વશી/૩૩૪ તા.૨૪–૦૯–૨૦૧૫ (લાલ દરવાજા) | ૧,૫૦,૦૦૦/– |
| (૪) | એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./યુ.ડી.પી.–૭૮/૨૦૧૩–૧૪ખંભાત/બચત રકમ/વશી/૩૪૪ તા.૩૦–૦૯–૨૦૧૫ | ૧,૪૨,૧૦૦/– |
| (૫) | એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./યુ.ડી.પી.–૭૮/ ૨૦૧૩–૧૪/ખંભાત/વશી/૨૨૭ તારીખ.૧૪–૦૭–૨૦૧૫ | ૨,૦૦,૧૦૦/– |

આમ આ બાબતે પુર્ણ થયેલ કામો, અન્વયે રૂા.૩૯/– લાખની રકમની દરખાસ્ત કરવા પાત્ર થાય છે. આમ આ બાબતે હાલથી પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લેતા રૂા.૩૯/– લાખની રકમ હેઠળ નીચેના કામો સરકારશ્રીના ધારા ધોરણ જીલ્લા શહેરી વિકાસ એજન્સી, ડુડાને વહીવટી મંજુરીથી મોકલવા ઠરાવવામાં આવે છે.

| અ.ન. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| (૧) | ત્રણ દરવાજા ટાવર રીનોવેશનનું કામ. | ૧૫,૨૫,૦૦૦/– |
| (૨) | નગરપાલિકા વિસ્તારના જુદા જુદા વોર્ડના ખુટતી કડીના રસ્તાની કામગીરી | ૨૪,૫૦,૦૦૦/– |

આ બાબતે સરકારશ્રી ગ્રાંટ ઉપરાંત જે કાંઈ પણ વધારાનો ખર્ચ થશે તે રકમનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે અને સરકારશ્રીની તમામ સુચનાઓ તથા ધારા ધોરણ મુજબ કામગીરી કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે નગરપાલિકા સમય મર્યાદા માં કામગીરી પુર્ણ કરશે તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે સદર કામો સરકારશ્રી ની કોઈ અન્ય યોજના હેઠળ સમાવેશ થયેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈરતીલાલ ખલાસી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૩૩
## તારીખ.૧૩–૦૨–૨૦૧૭

જીલ્લા આયોજન કચેરીના પત્ર નંબર. આયોજન/વિ.પુ.આ/૨૦૧૭–૧૮/વશી/૭૪૯૨ તારીખ.૦૭–૦૨–૨૦૧૭ થી જીલ્લા આયોજન વિકેન્દ્રીત યોજના સને.૨૦૧૭–૧૮ અંતર્ગત ખંભાત નગરપાલિકને રૂપીયા.૨૫.૦૦ લાખની ગ્રાંટ મળવા પાત્ર થાય છે આ બાબતે સદર મળવા પાત્ર ગ્રાન્ટ હેઠળ ખંભાત નગરપાલિકાની જરૂરીયાતને તથા કામની અગત્યતાને ધ્યાનમાં રાખી નીચે મુજબના કામોની દરખાસ્ત સાદર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.ન. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| (૧) | ખંભાત નગરપાલિકા રણમુકતેશ્વર વોટર વર્કસ/ નારેશ્વર વોટર વર્કસ ની કંમ્પાઉન્ડ વોલ તથા પંપ રૂમ બનાવવાનું કામ. | ૨૬,૦૦,૦૦૦/– |

આ બાબતે સરકારશ્રી ગ્રાંટ ઉપરાંત જે કાંઈ પણ વધારાનો ખર્ચ થશે તે રકમનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે અને સરકારશ્રીની તમામ સુચનાઓ તથા ધારા ધોરણ મુજબ કામગીરી કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે નગરપાલિકા સમય મર્યાદા માં કામગીરી પુર્ણ કરશે તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે સદર કામો સરકારશ્રી ની કોઈ અન્ય યોજના હેઠળ સમાવેશ થયેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈરતીલાલ ખલાસી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૩૪

## તારીખ.૧૩–૦૨–૨૦૧૭

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ સને.૨૦૧૪–૧૫ હેઠળ ખંભાત નગરપાલિકાને ગુજરાત મ્યુની. ફાઈ. બોર્ડના દફતરી હુકમ નંબર.મફબ/ એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./૨૦૧૪–૧૫/યુ.ડી.પી.–૭૮/ન.પા./૧૬/૨૦૧૪/ ૨૭૭૨૩ તારીખ.૦૫–૧૧–૨૦૧૪ થી રૂા.૪૦૦/– લાખની ગ્રાંટ ફાળવેલ. આ બાબતે જીલ્લા શહેરી વિકાસ એજન્સીના પત્ર નં. એસ.જે.એમ.એમ.એસ.વી.વાય./૨૦૧૪–૧૫/ ખંભાત/વશી/૧૫૧/તારીખ.૧૧–૦૫–૨૦૧૫ થી રૂપીયા.૨,૦૯,૫૪,૮૪૬/–ની વહીવટી મંજુરી મળેલ. આ બાબતે પુર્ણ થયેલ કામો, અન્વયે રૂપીયા. ૩૯.૫૦ લાખની રકમની દરખાસ્ત કરવા પાત્ર થાય છે. આમ આ બાબતે હાલની પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લેતા રૂપીયા.૩૯.૫૦ લાખની રકમ હેઠળ નીચેના કામો સરકારશ્રીના ધારા ધોરણ મુજબ નીચેના કામો જીલ્લા શહેરી વિકાસ એજન્સી, ડુડાનુ વહીવટી મંજુરીથી મોકલવા ઠરાવવામાં આવે છે.

| અ.ન. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| (૧) | મહાત્મા ગાંધી સર્કલ અધતન બનાવવાની કામગીરી તથા જનરલ કામો | ૨૦,૦૦,૦૦૦/– |
| (૨) | નગરપાલિકા વિસ્તારમાં જુદા જુદા વોર્ડમાં ખુટતી કડીના રસ્તાની કામગીરી તથા જનરલ સ્નાનાગરના કામો. | ૨૦,૦૦,૦૦૦/– |

આ બાબતે સરકારશ્રી ગ્રાંટ ઉપરાંત જે કાંઈ પણ વધારાનો ખર્ચ થશે તે રકમનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે અને સરકારશ્રીની તમામ સુચનાઓ તથા ધારા ધોરણ મુજબ કામગીરી કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે નગરપાલિકા સમય મર્યાદા માં કામગીરી પુર્ણ કરશે તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે સદર કામો સરકારશ્રી

ની કોઈ અન્ય યોજના હેઠળ સમાવેશ થયેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા

સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ

સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ

સહી. અશોકભાઈરતીલાલ ખલાસી

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૩૫
## તારીખ.૧૩-૦૨-૨૦૧૭

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા અંતર્ગત આરોગ્ય લક્ષી કાર્યક્રમ અન્વયે રૂા.૭૦/- લાખની ગ્રાન્ટ મળવા પાત્ર થયેલ. આ બાબતે દફતરી હુકમ નંબર. એસ.જે.એમ./મો.ન.પા./આંગણવાડી/વહટ/બચત/૭/થી રૂપીયા. ૦૮-૦૧-૨૦૧૩ ની વહીવટી મંજુરી મળેલ. આમ આ બાબતે મંજુર થયેલ કામો પુર્ણ થતાં તથા બાકીની મળવા પાત્ર ગ્રાટ રૂા.૩૩.૫૦ લાખ અન્વયે હાલની પરિસ્થિતિ અને સંજોગોને નીચેના કામો સરકારશ્રીના ધારા ધોરણ મુજબ નીચેના કામો જીલ્લા શહેરી વિકાસ એજન્સી ડુડાને વહીવટી મંજુરી અર્થે મોકલવા ઠરાવવામાં આવે છે.

| અ.ન. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| (૧) | ખંભાત શહેર / વોટર વર્કસ ઉપર પાણીની લાઈનોની કામગીરી | ૨૦,૦૦,૦૦૦/- |
| (૧) | નગરપાલિકા વિસ્તારમાં જુદા જુદા પછાત વિસ્તારના વોર્ડમાં ખુટતી કડીના રસ્તાની કામગીરી | ૧૪,૦૦,૦૦૦/- |

આ બાબતે સરકારશ્રી ગ્રાંટ ઉપરાંત જે કાંઈ પણ વધારાનો ખર્ચ થશે તે રકમનો ખર્ચ નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે અને સરકારશ્રીની તમામ સુચનાઓ તથા ધારા ધોરણ મુજબ કામગીરી કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે નગરપાલિકા સમય મર્યાદા માં કામગીરી પુર્ણ કરશે તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે સદર કામો સરકારશ્રી ની કોઈ અન્ય યોજના હેઠળ સમાવેશ થયેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે. આ અંગે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈરતીલાલ ખલાસી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૩૬
## તારીખ.૧૩–૦૨–૨૦૧૭

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા અંતર્ગત "આગવી ઓળખ" આરોગ્ય લક્ષી કાર્યક્રમ યુ.ડી.પી.૫૬ સને.૨૦૧૩–૧૪, યુ.ડી.પી.–૭૮ સને.૨૦૧૩–૧૪, યુ.ડી.પી.૭૮ સને.૨૦૧૪–૧૫ જીલ્લા વિકેન્દ્રીત યોજના સને. ૨૦૧૭–૧૮ અંગે મળવા પાત્ર ગ્રાન્ટો અન્વયે જરૂરી કન્સલ્ટીંગ તથા ડી.ટી.પી. તથા ટી.પી.આઈ. અંગેની જરૂરી કામગીરી નગરપાલિકાના કન્સલટન્ટ શ્રી ધર્મેશભાઈ એમ. પટેલ મારફતે કાર્યવાહી કરાવવા ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈરતીલાલ ખલાસી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૪૩૭</u>

## <u>તારીખ.૧૩–૦૨–૨૦૧૭</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી તથા ચીફ સેનેટરી ઈન્સ્પેકટર શ્રીનો રીપોર્ટની વિગત વંચાણમાં લેતા નગરપાલિકા હસ્તકના આવેલ ખુલ્લા ટેમ્પા જે ગાડી નંબર. જી.જે.૨૩ જી ૦૪૪૩ જે લાઈટ ખાતામાં જુદા જુદા કામે વપરાયે છે તેમજ ગાડી નંબર. જી.જે.૨૩ ૦૪૪૪ જે સેનીટેશન ખાતામાં વપરાય છે બંને ટેમ્પાની વિમાની પોલીસી તારીખ.૨૪–૦૨–૨૦૧૭ના રોજ પુર્ણ થતી હોઈ બંને પોલીસી એક વર્ષ માટે સદર કામ કરતાં અપ્સારા મોટર એજન્સી ઠે. પીઠ બજાર, નગીના મસ્જીદ, ખંભાત વાળા પાસેથી રીન્યુ કરાવી લેવા અને જે કામનો ખર્ચ રૂપીયા. ૪૦૩૮૪/– અંકે રૂપીયા ચાલીસ હજાર ત્રણસો ચોર્યાસી પુરા મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈરતીલાલ ખલાસી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૩૮
## તારીખ. ૧૩–૦૨–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના કોમ્પ્યુટર રૂમમાં એ.સી. આવેલ છે તે એ.સી.ને સર્વિસ કરાવવા માટેની જરૂરીયાત હોઈ ખંભાતના એ.સી.રીપેરીગ કરનાર સંજરી રેફ્રીજરેટર, ચકડોળ ગ્રાઉન્ડ સામે, મેતપુર રોડ, ખંભાત વાળા પાસે કરાવેલ જેનો ખર્ચ રૂા.૬૫૦/– અંકે રૂપીયા છસો પચાસ પુરા થયેલ છે જેનું બીલ નંબર.૩૧૦૭ તારીખ.૦૭–૦૨–૨૦૧૭નું આવેલ છે જેના નાણાં રૂા.૬૫૦/– અંકે રૂપીયા છસ્સો પચાસ ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગનીભાઈ રતીલાલ મહીડા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શિલ્પાબેન રાજેશકુમાર પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. અશોકભાઈરતીલાલ ખલાસી
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

